પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૯ | ૧૦ એપ્રિલ, ૨૦૧૯, બુધવાર; ચૈત્ર સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# છત્તીસગઢમાં ભાજપના કાફલા પર નકસલી હુમલો

**પ્રથમ તબક્કામાં મતદાનના કલાકો પહેલા જ ભીષણ હુમલો : ૫ શહીદ, ધારાસભ્ય ભીમા મંડાવીનું મોત : દાંતેવાડામાં ભાજપના ધારાસભ્ય ભીમા મંડાવીના કાફલા ઉપર માઓવાદીઓ દ્વારા આઈઈડી હુમલો કર્યો : એલર્ટની જાહેરાત : અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા**



દાંતેવાડા, તા. ૯

છત્તીસગઢના નકસલવાદીગ્રસ્ત દાંતેવાડા જિલ્લામાં નક્સલવાદીઓએ આજે ભાજપના ધારાસભ્યના કાફલા ઉપર ભીષણ હુમલો કરી દીધો હતો. દાંતેવાડામાં ભાજપના ધારાસભ્ય ભીમા મંડાવીના કાફલા ઉપર માઓવાદીઓ દ્વારા આઈઈડી બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. આ હુમલામાં પાંચ સુરક્ષા જવાનો શહીદ થયા હતા. બીજી બાજુ આ હુમલામાં ધારાસભ્ય ભીમા મંડાવીનું પણ મોત થયું છે. દાંતેવાડા છત્તીસગઢની બસ્તર લોકસભા સીટ હેઠળ આવે છે. અહીં ૧૧મી એપ્રિલના દિવસે મતદાન યોજાનાર છે. મતદાન આડે ૩૬ કલાકથી પણ ઓછો સમય રહ્યો છે ત્યારે આ ભીષણ હુમલો કરવામાં આવ્યો છે. દાંતેવાડા જિલ્લાના કુવાકોડા વિસ્તારમાં આ હુમલો એ વખતે કરવામાં આવ્યો હતો જ્યારે ભાજપનો કાફલો પસાર થઈ રહ્યો હતો. નક્સલવાદીઓએ આઈઈડી બ્લાસ્ટ કરીને ધારાસભ્યના કાફલામાં સામેલ સુરક્ષા દળોને એક વાહનને ટાર્ગેટ બનાવવામાં સફળતા મેળવી હતી. હુમલામાં ભાજપના ધારાસભ્ય ભીમા મંડાવીનું મોત થયું હતું. એક્સપોર્ટ વાહનના બ્લાસ્ટની લપેટમાં આવી જતાં ફુરચે ફુરચા ઉડી ગયા હતા. હુમલા બાદ સીઆરપીએફ અને રાજ્ય પોલીસની ટીમો સર્ચ ઓપરેશનમાં લાગી ગઈ છે. એલર્ટન જાહેરાત પણ કરવામાં આવી છે. ઘટનાસ્થળની આસપાસના વિસ્તારોને સીઝ કરી દેવામાં આવ્યા છે. છત્તીસગઢમાં આ અગાઉ પણ અનેક વખતે નક્સલી હુમલા કરવામાં આવી ચુક્યા છે. કેન્દ્રીય સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવીને અનેક વખત હુમલા કરવામાં આવ્યા છે. જુલાઈ ૨૦૧૮માં નક્સલવાદીઓએ

● અનુસંધાન પાન-૭ પર

## મોદી-ઉદ્ધવ ૨૮ માસ બાદ એક મંચ પર

**ભાજપ-શિવસેના વચ્ચે મતભેદો અંતે દૂર થયા : લાતુરમાં મોદી અને ઉદ્ધવ ઠાકરે એકબીજાનો હાથ પકડીને સાથે દેખાયા : મજબૂત ગઠબંધનથી મહારાષ્ટ્રમાં ફાયદો**



લાતુર, તા.૯

મહારાષ્ટ્રમાં તમામ મતભેદો ભુલીને લોકસભા ચૂંટણી માટે ગઠબંધન કરનાર ભાજપ અને શિવસેનાના સંબંધોમાં ફરી એકવાર સારા સંકેત દેખાઈ રહ્યા છે. ૨૦૧૪માં કેન્દ્રમાં એનડીએની સરકાર આવ્યા બાદ બંને પક્ષો વચ્ચે મતભેદો દેખાવવા લાગી ગયા હતા. શિવસેના મહારાષ્ટ્રમાં ભાજપની સામે સતત પ્રહારો કરી રહી હતી. અલબત્ત ભાજપ પ્રમુખ અમિત શાહ, મહારાષ્ટ્રના મુખ્યમંત્ર દેવેન્દ્ર ફડનવીસ અને શિવસેના ચીફ ઉદ્ધવ ઠાકરે મળીને મતભેદો દૂર કરી ચુક્યા છે. લાતુરમાં આ સંબંધ આજે એ વખતે વધારે મજબૂત દેખાયા હતા જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શિવસેના વડા ઉદ્ધવ ઠાકરે એકબીજાના હાથ પકડીને ૨૮ મહિનાના ગાળા બાદ એક મંચ પર આવ્યા હતા. આ ફોટાના કારણે તેમની વચ્ચે તમામ મતભેદો દૂર થયા હોવાના સંકેત મળવા લાગી ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# મધ્યપ્રદેશના દરોડામાં ૨૮૧ કરોડની રોકડ રકમ પકડાઈ

**સતત ત્રીજા દિવસે પણ આઈટી દરોડાનો દોર યથાવતરીતે જારી : મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથના નજીકના સાથી, અન્યોની સામે દરોડાની કાર્યવાહીથી રાજકીય ઘમસાણ જારી : ડાયરી, કોમ્પ્યુટર જપ્ત કરવામાં આવ્યા**



ભોપાલ,તા. ૯

મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન કમલનાથના નજીકના લોકો અને અન્યો સામે આવકવેરા વિભાગની દરોડાની કાર્યવાહી આજે પણ સતત ત્રીજા દિવસે જારી રહી હતી. આજે કમલનાથના ઓએસડી પ્રવિણ કક્કડના સાથી અશ્વિન શર્માના આવાસ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. અહીં કેટલાક વન્ય પ્રાણીઓની ચામડીનો જથ્થો પણ મળી આવ્યો છે જેથી વન્ય વિભાગની ટીમ પણ પહોંચી છે. દરોડા બાદ હજુ પણ આક્ષેપબાજીનો દોર જારી રહ્યો છે. બીજી બાજુ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કોઈ રાજકીય પક્ષને જપ્ત કરવામાં આવેલી જંગી રકમ મોકલવામાં આવનાર હતી. વિશ્વસનીય સુત્રોના કહેવા મુજબ કોંગ્રેસ સામે શંકાની સોય દેખાઈ રહી છે. જો કે, આ સંદર્ભમાં ભારે સસ્પેન્સની

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### કમલનાથ પહોંચ્યા હાઈકોર્ટ

મધ્યપ્રદેશમાં આયકર વિભાગ દ્વારા આડેધડ પાડવામાં આવી રહેલા દરોડા વિરૂદ્ધ મુખ્યમંત્રી કમલનાથ અંગત સચિવ પ્રવીણ કક્કડ સાથે ઈન્દોર હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. આ મામલે ૧૧ એપ્રિલે વધુ સનવણી કરવામાં આવશે.

### કૈલાસ માનસરોવર યાત્રા માટે નોંધણી શરૂ

કૈલાસ માનસરોવર યાત્રા માટેની નોંધણી મંગળવારથી શરૂ થઈ ચૂકી છે. આ યાત્રા ૮ જૂનથી ૮ સપ્ટેમ્બર સુધી યોજાશે. લીપુલેખ દર્રા (ઉત્તરાખંડ) અને નાથુલા માર્ગ (સિક્કિમ) દ્વારા આ યાત્રા થઈ શકશે.

### વિદેશીઓને અનિશ્ચિતકાળ સુધી અટકાયતમાં ન રાખી શકાય :સુપ્રિમ

સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈની અધ્યક્ષતાવાળી પીઠે કહ્યુ છે કે વિદેશીઓને અનિશ્ચિતકાળ સુધી અટકાયતમાં રાખી શકાય નહી. અસમ સરકારને વિદેશીઓને જામીન પર મુક્ત કરવા અને પોલીસને જાણ કરવા જેવા સુરક્ષા ઉપાયો પર વિચારવા કહેવાયુ છે.

### જમ્મુ-કાશ્મીરમાં ફરી આતંકી હુમલો

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડામાં આતંકવાદીઓએ એક હોસ્પિટલ પર હુમલો કરી એક ફાર્માસિસ્ટ, એક આરએસએસ નેતા અને એક સુરક્ષા જવાનને ગોળી મારી દીધી હતી. જે પૈકી બેના મૃત્યુ નિપજ્યા છે. કિશ્તવાડામાં વધી રહેલા તણાવના કારણે કરફ્યુ લગાવી દેવાયો છે.

### લખવીના જામીન રદ કરવા પાક. હાઈકોર્ટમાં અરજી

પાકિસ્તાનની ટોપ ઈન્વેસ્ટિગેટિવ એજન્સી લશ્કરે તોયબાના કમાન્ડર અને મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ જકીઉર રહેમાન લખવીના જામીન રદ કરવાના અનુરોધને લઈને ઈસ્લામાબાદ હાઈકોર્ટ પહોંચી છે.

# ચોકીદાર જે કહે છે તે કરીને બતાવે છે : નરેન્દ્ર મોદી

**એક મજબૂર સરકાર કેવી હોય છે તેનો દાખલો કર્ણાટક છે : કર્ણાટકમાં હારી ગયેલા બે પક્ષો માત્ર સત્તા અને સ્વાર્થ માટે એકસાથે આવ્યા છે**



ચિત્રદુર્ગ, તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે પણ ઝંઝાવતી ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. કર્ણાટકના ચિત્રદુર્ગ અને અન્યત્ર ચૂંટણી પ્રચાર કરતા મોદીએ પાકિસ્તાનના બહાને રાજ્યની જેડીએસ અને કોંગ્રેસ સરકાર ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે ભારતીય હવાઈ દળે જ્યારે પાકિસ્તાની આતંકવાદી અડ્ડા ઉપર હુમલા કર્યા ત્યારે પીડા ત્રાસવાદીઓને થઈ હતી પરંતુ કોંગ્રેસ અને જેડીએસના નેતાઓ અહીં પણ રડી રહ્યા હતા. જેડીએસ અને કોંગ્રેસ સરકાર કર્ણાટકમાં લઘુમતિ સમુદાયને ખુશ કરવાના પ્રયાસમાં લાગેલી છે. વડાપ્રધાને કહ્યું હતું કે, પાકિસ્તાનમાં ઘુસીને ત્રાસવાદી અડ્ડાઓ ઉપર હુમલા કરવામાં આવ્યા ત્યારે ભારતમાં પણ કેટલાક લોકોને પીડા થઈ રહી હતી. ભારતમાં આપની

● અનુસંધાન પાન-૭ પર

### કોંગી નેતાઓની પેટીઓથી જથ્થાબંધ નોટો જપ્ત : મોદી

લાતુર, તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ફરી એકવાર કોંગ્રેસના ઘોષણાપત્રને બોગસ તરીકે ગણાવીને કહ્યું હતું કે, આ માત્ર કોંગ્રેસના વચનો છે. મધ્યપ્રદેશમાં મુખ્યમંત્રી કમલનાથના સાથીઓ ઉપર આવકવેરા વિભાગના દરોડાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસના લોકો છેલ્લા છ મહિનાથી ચોકીદાર ચોર હૈ જેવી બૂમો પાડી રહ્યા હતા પરંતુ હવે પેટીઓમાં નાણાં અને નોટ ભરીને મળી રહ્યા છે. આ નોટ ક્યાંથી નિકળી છે તે તમામ લોકો જાણે છે. મોદીએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, કોંગ્રેસના ઘોષણાપત્રમાં એવા જ વચન આપવામાં આવ્યા છે જે પાકિસ્તાન દ્વારા ઈચ્છા વ્યક્ત કરવામાં આવી છે.

# પ્રિયંકાના રોડ શોમાં મોદી મોદીના નારાથી તંગદિલી

બિજનોર, તા. ૯

લોકસભા ચૂંટણીના પ્રથમ ચરણના મતદાનમાં મતદાન પહેલા પ્રચારના છેલ્લા દિવસે તમામ રાજકીય પક્ષોએ તાકાત લગાવી હતી. ઉત્તરપ્રદેશના બિજનોરમાં કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાઢેરાને ભાજપના કાર્યકરો તરફથી જોરદાર વિરોધનો સામનો કરવો પડ્યો હતો. રોડ શો દરમિયાન ભાજપના કાર્યકરોએ મોદી મોદીના નારા લગાવ્યા હતા. કોંગ્રેસ પાર્ટી અને ભાજપના કાર્યકરો વચ્ચે સંઘર્ષના દ્રષ્યો પણ સર્જાયા હતા. મોદી મોદીના નારા વચ્ચે કોંગ્રેસના કાર્યકરોએ ચોકીદાર ચોર હૈના નારા લગાવ્યા તા. કોંગ્રેસ ઉમેદવાર નસીમુદીનના સમર્થનમાં પ્રિયંકા ગાંધીએ બિજનોરમાં રોડ શો કરીને માહોલ બનાવવા પ્રયાસ કર્યો હતો.

### રાફેલ અને નોટબંધી પર ચર્ચા માટે મોદીને રાહુલનો પડકાર

નવી દિલ્હી, તા. ૯

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રાફેલ, નોટબંધી અને નિરવ મોદીના મામલા ઉપર સીધીરીતે ચર્ચા કરવા માટે ખુલ્લો પડકાર ફેંક્યો હતો. રાહુલે આજે કહ્યું હતું કે, તેઓ આ વિષય ઉપર પૂર્ણ તૈયારી કરીને તેની સાથે ચર્ચા પર આવે તે જરૂરી છે. અગાઉ પણ અનેક વખતે વડાપ્રધાનને સીધી ચર્ચા માટે પડકાર ફેંકી ચુક્યા છે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, મોદી તેમની સાથે ચર્ચામાં લઈને ભયભતી થયેલા છે.

# કાલ્પનિક બહાદુરીથી દેશ ન ચાલી શકે, અપેક્ષાઓ પુરી કરવાવાળા નેતા જોઈએ

**દેશમાં ગરીબીને નાબૂદ કરવામાં ઘણા કાર્યો કરવાના બાકી : પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી**

ન્યુ દિલ્હી,તા.૯

ભારતને એવા લોકોની જરૂર છે જે લોકો વધતી આકાંક્ષાઓને પૂર્ણ કરી શકે. કાલ્પનિક બહાદુરી(ક્વિઝોટિક હીરોઈઝમ) દેશનું નેતૃત્વ કરી શકે નહીં તેમ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ એક એવોર્ડ કાર્યક્રમમાં જણાવ્યું હતું. એવોર્ડ્સ દરમિયાન પ્રણવ મુખરજીએ જણાવ્યું હતું કે, દેશમાં ગરીબીને નાબુદ કરવામાં હજુ ઘણા કાર્યો કરવાના બાકી છે. સ્થિતિ વધારે કફોડી થતી જાય છે. ભારતમાં માત્ર એક ટકા લોકો પાસે દેશની ૬૦ ટકા સંપત્તિ છે. આ આંકડા જણાવે છે આપણા વિકાસને વધારે વ્યાપક બનાવવાની જરૂર છે.










